eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 277
June 24, 2010

## આગમી તા. ૨૬–૦૬–૨૦૧૧ ને રવિવારનાં દિવસે મ્યુનિસીપલ કોર્ટમાં "લોક અદાલત"

સુરત શહેરનાં નાગરિકો દ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુરત મહાનગરપાલિકા તરફથી ધી બી.પી.એમ.સી.એકટ તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૯/૦૭/૨૦૧૧ના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાના આગમનને વધાવવા વર્ષાગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૯/૦૭/૨૦૧૧ ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી. મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં તા. ૨૨/૦૬/૨૦૧૧ના રોજ ઝોનની કામગીરી અંગેની મીટીંગનું આયોજન

તા. ૨૨/૦૬/૧૧નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકથી બપોરે ૨.૧૫ કલાક દરમ્યાન સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)નાં મીટીંગ હોલમાં મા.મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને લિંબાયત ઝોનનાં મ્યુની.સભ્યશ્રીઓની એક સંકલન મીટીંગ મળી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૨,૧૩ અને ૧૪ જુલાઈ ૨૦૧૧ના રોજ મહેંદી સ્પર્ધા અને તા. ૧૬ જુલાઈ ૨૦૧૧ના રોજ ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨, ૧૩ અને ૧૪ જુલાઈ ૨૦૧૧ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અનુક્રમે પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આગમી તા. ૨૬–૦૬–૨૦૧૧ ને રવિવારનાં દિવસે મ્યુનિસીપલ કોર્ટમાં "લોક અદાલત"

સુરત શહેરનાં નાગરિકો દ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુરત મહાનગરપાલિકા તરફથી ધી બી.પી.એમ.સી.એકટ તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી તા. ૨૬–૦૬–૨૦૧૧ ને રવિવારનાં દિવસે મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ(મ્યુનિ.) સાહેબની કોર્ટમાં "લોક અદાલત" નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં આવા કેસો સમાધાનરૂપે ઓછા દંડથી નિકાલ કરવામાં આવનાર છે. જેથી આ લોક અદાલતનો મહત્તમ લાભ લેવા પક્ષકારોને અપીલ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૯/૦૭/૨૦૧૧ના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાના આગમનને વધાવવા વર્ષાગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૯/૦૭/૨૦૧૧ ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી. મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ,ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન),ચોકબજાર, સુરત ખાતેથી તા.૧૬/૦૭/૨૦૧૧ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે. ભરેલા **પ્રવેશપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ ૧૬/૦૭/૨૦૧૧ રાખવામાં આવી છે**.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં તા. ૨૨/૦૬/૨૦૧૧ના રોજ ઝોનની કામગીરી અંગેની મીટીંગનું આયોજન

તા. ૨૨/૦૬/૧૧નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકથી બપોરે ૨.૧૫ કલાક દરમ્યાન સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)નાં મીટીંગ હોલમાં મા.મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને લિંબાયત ઝોનનાં મ્યુની.સભ્યશ્રીઓની એક સંકલન મીટીંગ મળી હતી. જેમાં મા.મેયરશ્રી, મા.ડે.મેયરશ્રી, મા.સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી, મે.કમિશ્નરશ્રી, મા.શાસકપક્ષના નેતાશ્રી, લિંબાયત ઝોનના મ્યુની.સભ્યશ્રીઓ, મે.સીટી ઈજનેરશ્રી તથા સુરત મહાનગરપાલિકાના વિવિધ ખાતાના અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. જેમાં પદાધિકારીઓનું તથા મે.કમિશ્નરશ્રીનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ હતું. સદર મીટીંગમાં લિંબાયત ઝોનના ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રીએ ગતવર્ષમાં ઝોન વિસ્તારમાં થયેલ કામગીરીનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરેલ હતું. ત્યારબાદ મા.મેયરશ્રીની અનુમતીથી લિંબાયત ઝોનના મ્યુ.સભ્યશ્રીઓએ પોતાના પ્રશ્નો અને સુચનોની રજુઆત કરેલ હતી. સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ તથા મે.કમિશ્નરશ્રીએ મીટીંગમાં રજુ થયેલ પ્રશ્નો અને સુચનો બાબતે પોતાના પ્રતિભાવ રજુ કરેલ હતા. ત્યારબાદ મા.નેતાશ્રી શાસકપક્ષ,મા.અધ્યક્ષશ્રી સ્ટેન્ડીંગ કમિટિ, મા.ડે.મેયરશ્રી તથા મેયરશ્રીએ મીટીંગમાં થયેલ પ્રશ્નો અને સુચનો અંગે પોતાના હકારાત્મક પ્રતિભાવ રજુ કરી બધાને ટીમ વર્કથી કામ કરવા સુચન કર્યુ હતું. અંતે પ્રજાલક્ષી કામગીરીમાં ખૂબ જ હકારાત્મક વલણ દર્શાવવા બદલ હાજર સૌનો આભાર માની મીટીંગનું સમાપન કરવામાં આવેલ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૨,૧૩ અને ૧૪ જુલાઈ ૨૦૧૧ના રોજ મહેંદી સ્પર્ધા અને તા. ૧૬ જુલાઈ ૨૦૧૧ના રોજ ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨, ૧૩ અને ૧૪ જુલાઈ ૨૦૧૧ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અનુક્રમે **પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું** આયોજન **રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, કડીવાળા ૬ બુનકી પ્રસુતિગૃહની સામે, રૂસ્તમપુરા, સુરત** ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક/માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેરમાં રહેતી યુવતીઓ તેમજ મહિલાઓ ભાગ લઈ શકશે. તથા તા. ૧૬/૦૭/૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે **ગોરમાગીત** સ્પર્ધાનું આયોજન **ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત** ખાતેથી કરવામાં આવેલ છે. આ ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીની(કન્યા)ઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેનાં પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ,ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા. ૦૬/૦૭/૨૦૧૧ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે.

TOP